## આજે વડીલ ફોટો ગ્રાફર્સનું સન્માન કરાશે

ગાંધીનગર પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ ગ્રુપ દ્વારા વડીલ ફોટોગ્રાફર્સને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. આજે સાંજે ૫.૩૦ વાગે, સેક્ટર-૧૯ જીમખાના ખાતે સન્માન કરવામાં આવશે. વડીલોનું સન્માન એ ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. ત્યારે આ કાર્યક્રમ દ્વારા વડીલોને સન્માનિત કરી તેમના કાર્યને બિરદાવવામાં આવશે.

## સે. ૩-ડી રામેશ્વર મંદિરે લઘુરૂદ્ર

સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિર ખાતે શ્રાવણ માસમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આજરોજ સોમવતી અમાસના પવિત્ર દિવસે મંદિર ખાતે લઘુરૂદ્ર યોજવામાં આવશે. જેનો ભાવિ-ભક્તોને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.



ભારતની ભવિષ્યની પેઢીમાં દેશભાવના જાગૃત થાય એવી ભાવના સાથે ટીમ જેસીઆઈએ સે-૨૮ની સરકારી પ્રાથમિક શાળામાં ભારતનો ૬૮મો સ્વતંત્રતા દિવસ ધ્વજવંદન કરી મનાવ્યો. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રવેદી અને શાળાના આચાર્યા રબીયા દેસાઈના હસ્તે ધ્વજનંદન કરાયું અને રાષ્ટ્રીય ગીતનું બુલંદ અવાજે સમૂહગાન કરાયું. રાષ્ટ્રીય પર્વને વધુ યાદગાર બનાવવા જેસીઆઈ મંત્રી કેતન ભાવસાર અને નિકુંજ શુકલાએ ગાંધીનગરને એનાં ગ્રીન સિટીના લેબલને પાછુ મેળવવા વૃક્ષારોપણનું આયોજન કર્યુ હતું. શાળાના નિવૃત્ત થતાં શિક્ષિકા હિરાબેન પટેલના હસ્તે પ્રથમ વૃક્ષ રોપાવી એમની નિવૃત્તિની ક્ષણને એકદમ યાદગાર બનાવી દીધી.

ધ્વજવંદન અને વૃક્ષારોપણના ડબલ બોનાન્ઝા જેવા કાર્યક્રમમાં સંજય નાયી, કિર્તી ઠાકોર, જીતેશ બારોટ, ભાવેશ ભાવસાર, બિનીશ નાયર, પરાગી ગાંધી, શાલિની નાયર, ફાલ્ગુની ભાવસાર, મિતાલી ત્રિવેદી, લતા શુકલા સૌએ હોંશભેર મહેનત કરી અને સ્કૂલના બાળકો સાથે સમગ્ર કાર્યક્રમ મનાવ્યો.

# ભાજપના ઉમેદવારોની જાહેરાત હવે હાથ-વેંતમાં

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતની એક લોકસભા બેઠક અને વિધાનસભાની નવ બેઠકો માટેના ઉમેદવારોના નામોની આખરી પસંદગી કરી દેવામાં આવી છે. અને આવતીકાલ સાંજ સુધીમાં નામો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

દિલ્હી ખાતે ગઈકાલે સાંજે ભાજપા પ્રમુખ અમીત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી હતી. જેમાં ગુજરાતની એક લોકસભા બેઠક અને વિધાનસભાની નવ બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામો અંગે પ્રદેશ ભાજપ નેતાઓ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો અને પેનલ પરના નામોની સમીક્ષા કરવામાં આવી હતી.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ નેતાઓ સાથે ચર્ચા કર્યા બાદ ભાજપ મોવડીમંડળે વિધાનસભાની નવ બેઠકો પરની સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને જ્ઞાતિ સમીકરણોને ધ્યાને રાખીને બે નામોની યાદી બનાવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ અંગે પરામર્શ કર્યા પછી આખરી નામોની પસંદગી કરી હોવાનું જાણવા મળે છે.

વિધાનસભાની નવ બેઠકો માટેના ઉમેદવારોના નામોની યાદી ભાજપ મોવડીમંડળ દ્વારા આજે મોડી રાત્રે અથવા આવતીકાલ સાંજ સુધીમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



## વડાગામ આઉટ પોસ્ટ ખાતે સત્યનારાયણની કથા યોજાઈ

વડાગામ સ્થિત વડાગામ આઉટપોસ્ટ ખાતે પોલીસકર્મીઓ દ્વારા ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાગામ આઉટપોસ્ટ ખાતે આયોજીત કથામાં યજમાનપદે હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ તથા તેમની પત્ની ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મહેશભાઈ શાસ્ત્રી દ્વારા પૂજાવિધિ કરવામાં આવી હતી. પોલીસ વિભાગ દ્વારા યોજાયેલી આ કથામાં ધનસુરા પોલીસમથકના પીએસઆઈ બારોટ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, એડવોકેટ નરસિંહભાઈ પટેલ સહિત ગ્રામજનો જોડાયા હતા અને કથાનો લાભ લીધો હતો. (બાબુભાઈ પટેલ, વડાગામ)

## જય અંબે પરિવારનો ૨૬મો પદયાત્રા સંઘ બોલમારી અંબે ના નાદ સાથે પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા. ૨૪

છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગરથી અંબાજી પદયાત્રા સંઘ લઈને જતા જય અંબે પરિવાર દ્વારા ચાલુ વર્ષે પણ પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા સંઘ તા. ૩૦ ઓગસ્ટના રોજ પ્રસ્થાન કરશે. શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર શહેરમાં ધાર્મિક, સામાજીક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં અગ્રેસર છે. પરિવાર દ્વારા જગત જનની મા અંબાના દર્શન કરવા માટે તા. ૩૦ ઓગસ્ટ, શનિવાર, સવારે ૯.૩૦ કલાકે, સેક્ટર-૧૩-બી શક્તિચોકથી બોલ મારી અંબે જય જય અંબેના જયઘોષ સાથે પ્રસ્થાન કરશે.

## ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલમાં ક્રીટીકલ કેર મેડીસીન કોર્ષ શરૂ થશે

ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન સંચાલિત ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલમાં ક્રીટીકલ કેર મેડીસીન અને પોસ્ટ એમ.બી.બી.એસ. સર્ટીફિકેટ કોર્ષની બેબે સીટ ફાળવવામાં આવી છે. જેથી હવેથી ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલમાં ક્રીટીકલ કેર મેડીસન કોર્ષ ટુંક સમયમાં ડૉ. કલ્પેશ શાહની આગેવાની હેઠળ ચલાવવામાં આવશે.

## કંપની સમાચાર

### મહિન્દ્રા રેવા રજૂ કરે છે e20નું પ્રીમિયમ વેરિયન્ટ

૧૬.૫ અબજ ડોલરનાં મહિન્દ્રા ગ્રુપનો હિસ્સો મહિન્દ્રા રેવા ઈલેક્ટ્રિક વ્હિકલ પ્રાઈવેટ લિમિટેડે e20ના નવા પ્રીમિયમ વેરિયેન્ટના લોચિંગની જાહેરાત કરી હતી, જેમાં ૧૨૦ કિલોમીટરની રેન્જ અને ઈલેક્ટ્રિક પાવર સ્ટિયરિંગ છે. પોતાનાં ગ્રાહકોને ઈલેક્ટ્રિક વ્હિકલ સરળતાથી ઉપલબ્ધ થાય અને વિશ્વભરમાં મોબિલિટી અંગે તેનાં ભાવિનું વિઝન ફેલાય છે.

મહિન્દ્રા ઈ-૨૦ વિશ્વભરમાં ૨૦ લાખ કિલોમીટર ચાલી ગઈ છે અને તેણે ઈંધણ પર બચત અને ઝીરો ટેઈલ પાઈપ એમિશન્સ સરળ બનાવીને તેના ગ્રાહકો તથા પર્યાવરણને ખૂબ ફાયદો કરાવ્યો છે. આ સાથે, મહિન્દ્રા રેવા ભારત અને વિશ્વનાં બજારોમાં મોબિલીટીનું ભાવિ ઘડવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

નવા વેરિએન્ટના લોંચિંગ પ્રસંગે મહિન્દ્રા રેવા ઈલેટ્રિક વ્હિકલ્સ પ્રાઈવેટ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ચેતન મૈનીએ જણાવ્યું હતું કે, 'શહેરમાં ડ્રાઈવિંગમાં સરળતા એ મહિન્દ્રા રેવા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. e20 ઓટોમેટિક વાહન છે, જે સૌથી નાની ટર્નિંગ રેડિયસ ધરાવે છે. તેમાં હિલ-હોલ્ડ જેવા ફીચર્ચ છે, જે તેને નમતી વખતે પાછળ હટતી અટકાવે છે. આ બધાંને કારણે શહેરમાં અવરજવર માટે e20ને આદર્શ કાર બનાવે છે. આ નવા પ્રીમિયમ વેરિયેન્ટ સાથે અમે વેરિયેબલ આસિસ્ટ ઈલેક્ટ્રિક પાવર સ્ટિયરીંગ પણ ઓફર કરી રહ્યા છીએ.

### મુત્તૂટ એક્ઝિમ પ્રેસિયસ મેટલ્સે શ્વેતવર્ષમ્ સિલ્વર બાર્સ લોન્ચ કર્યા

વિવિધ રાજ્યોમાં ફેલાયેલા મુત્તૂટ પપ્પન ગ્રુપની કંપની મુ મુત્તૂટ એક્ઝિમ પ્રેસિયસ મેટલ્સ ડિવિઝન દ્વારા આજે શ્વેતવર્ષમ્ નામની અનોખી પ્રોડેક્ટ રજૂ કરાઈ હતી. જે ગ્રાહકોને ટેમ્પર પ્રૂફ પેકેજિંગમાં ૫૦ અને ૧૦૦ ગ્રામના વજનના ૯૯૯ ટચના શુદ્ધ સિલ્વર બાર્સ (ચાંદીની લગડી) ઉપલબ્ધ બનાવશે. શ્વેતવર્ષમ્ ત્રણ સરળ માસિક હપ્તે અથવા તો એકસાથે ચૂકવણી કરીને પણ ખરીદી શકાય છે. શ્વેતવર્ષમ્ લોન્ચ કરીને મુત્તૂટ એક્ઝિમ પ્રેસિયસ મેટલ્સ સરળ માસિક હપ્તેથી ચાંદીની ખરીદીની સુવિધા પુરી પાડનાર સંગઠિત ક્ષેત્રની સૌપ્રથમ કંપની બની છે. શ્વેતવર્ષમ્ ગુજરાતમાં આવેલી મુત્તૂટ ફીનકોર્પની તમામ શાખાઓમાં ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે બોલતાં મુત્તૂટ પપ્પયન ગ્રૂપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર થોમસ મુથૂટે જણાવ્યું હતું કે મુત્તૂટ પપ્પયન ગ્રૂપ ઘણાં વર્ષોથી ગ્રાહકોની જરૂરિયાત મુજબના ઉત્પાદનો પુરા પાડીને તેમની સાથેના સંબંધોને મજબૂત બનાવવામાં સફળ રહ્યું છે. શ્વેતવર્ષમનું લોંચિંગ એ અમારા ગ્રાહકોને કિફાયતી ધોરણે મૂલ્યવાન ઉત્પાદનો પૂરા પાડવાની અમારી નીતિનો એક ભાગ છે.

## જનરલ સ્ટડીનું પેપર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું હતું. યુપીએસસીની ગત પરીક્ષા આપનાર ઉમેદવારોને આ પેપર પ્રમાણમાં સરળ લાગ્યું હતું તો પ્રથમ વખત પરીક્ષા આપી રહેલા ઉમેદવારોને પેપર મગજને કસનારુ પરંતુ પ્રમાણમાં સરળ લાગ્યું હતું. ત્યારબાદ બપોરે ૨.૩૦થી ૪.૩૦ કલાક દરમિયાન પેપર-૨ એટલે કે સી-સેટનું ૨૦૦ માર્ક્સનું પેપર લેવામાં આવ્યું હતું. સી-સેટના પેપરમાં ઉમેદવારો ગુચવાયા હતા.

સમગ્ર પેપર પ્રમાણમાં અઘરુ રહ્યું હોવાનું ઉમેદવારો તરફથી જાણવા મળઅયું હતું. ઉલ્લેખનીય છે કે, યુપીએસસીની પ્રિલીમરી પરીક્ષા રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી જે અંગે શનિવારે સુપ્રીમ કોર્ટે પરીક્ષા રોકવાનો ઇન્કાર કરી દીધો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, દેશભરમાંથી નવ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાની તૈયારી કરી ચુક્યા છે. ત્યારે છેલ્લી ઘડીએ પરીક્ષા રોકી શકાય નહીં. અરજકર્તાની દલીલ હતી કે, સી-સેટના પ્રશ્નપત્રમાં અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નોના કારણે ગ્રામીણ વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. વિદ્યાર્થીઓના આંદોલન બાદ સંસદમાં સરકારે જણાવ્યું હતું કે, અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નના માર્ક્સની મેરિટ અથવા ગ્રેડિંગમાં ગણતરી થશે નહીં.

## ગાજવીજ સાથે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેવો ગણી રહ્યા છે. ૧૫ દિવસના વિરામ બાદ આવેલા આ વરસાદથી ખેડૂત જગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં સીઝનનો વરસાદ આજની સાથે ૫૧ ટકાથી વધુ થવા પામ્યો છે. આજના આ વરસાદને પગલે પાકને જીવતદાન મળી જવા પામ્યુ છે. તેમજ ભૂગર્ભના જળની સપાટીને પણ ફાયદો થવા પામ્યો છે.

જો કે મોડી સાંજે ઠેર ઠેર ભરાયેલા પાણી ઉતરી જવા પામ્યા છે. આજે વરસાદ મનમુકીને વરસ્યો હતો અને લોકોએ વરસાદને મન મુકીને માણ્યો હતો.

## તળાવો બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

- સેકટર-૧૭ કલ્ચરલ ગરબા ગ્રાઉન્ડમાં પાણી જ પાણી.
- ચ-૩ સર્કલ પાસે લાયન્સ ગરબા ગ્રાઉન્ડ પાણીમાં.
- સેકટર-૧૭ જુના એમ.એલ.એ. કવાટર્સમાં ભારે વરસાદથી તળાવો ભરાયા, પાણી નિકાળવા માટે કોઈ જ ગટરની વ્યવસ્થા નહિ. રહીશોએ લાકડીઓ વડે પાણી કાઢવાનો પ્રયત્ન કર્યો.
- ઘ-૫, ઘ-૬, નાનો ગ-૫, ગ-૬ સર્કલ પર ઠેર ઠેર પાણી ભરાયા. ટુ-વ્હીલર બંધ પડયા.
- પથિકાશ્રમ સર્કલ પાસે પાણી ભરાતા મુસાફરો વિમાસણમાં મુકાયા.
- વાવોલ શાલીન-૪ સોસાયટી અને આજુબાજુની સોસાયટીમાં પાણી ભરાતા રહીશો ઘરમાં પુરાયા.
- સેકટર-૨૬માં મેઈનરોડ અને સોસાયટીમાં પાણી ભરાતા સોસાયટીઓમાં આવન-જાવન બંધ થયું.
- સેકટર-૧૬ ખાણી પીણી બજારમાં પાણી ભરાતા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે વડોદરા બેઠક ઉપર કોંગ્રેસની ફરીવાર કસોટી છે. એટલું નિશ્ચિત છે કે કોંગ્રેસે માત્ર લડવાનું છે અને લીડ કાપવાની છે, જીતની આશા કરી શકાય નહી...

**ભાજપને કંજૂસ કહેનારા ફરી મેદાનમાં...**

ગુજરાતના સરકારી જાહેર સાહસોમાં તત્કાલિન મુખ્ય-ધાન નરેન્દ્ર મોદીનો એવો તર્ક હતો કે ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ કરેલી રાજકીય નિમણૂકોના કારણે બોર્ડ-કોર્પોરેશનની હાલત અત્યંત કથળી ચૂકી હતી તેથી તેઓ તેમની સરકારમાં આવી કોઈ નિમણૂકો નહી કરે.. અને થયું એવું કે રાજકીય નિમણૂકોના અભાવમાં સરકારના ડઝનબંધ બોર્ડ-કોર્પોરેશન નફો કરતા થયા, કારણ કે આ સાહસોમાં ઓફિસરોને સ્વતંત્ર સત્તા આપવામાં આવી હતી, જેમાં રાજકીય ચંચૂપાતને કોઈ સ્થાન ન હતું. મોદીના આ પગલાંને પ્રદેશના અનેક આગેવાન નેતાઓએ વખોડ્યું હતું પણ મોદીને તેની કોઈ પરવા ન હતી. મોદીએ ધાર્યુ હોત તો જાહેર સાહસોમાં રાજકીય નેતાઓને સમાવવા ૨૫ ચેરમેન અને ૨૦૦૦ કરતાં વધારે ડિરેક્ટરોની નિયુક્તિ કરી દીધી હોત કે જે શંકરસિંહ વાઘેલાએ તેમના એક વર્ષના શાસનમાં કરી હતી.

મોદીએ કેટલાક પ્રદેશ આગેવાનોને સાચવવા બોર્ડ-કોર્પોરેશનમાં કેટલીક નિમણૂકો કરી હતી પરંતુ એ એવા સાહસો એવાં હતા કે જેમાં કરોડોના આર્થિક વ્યવહારો નહીવત હતા. ૧૯૯૫ પછી કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, શંકરસિંહ વાઘેલા તેમજ દિલીપ પરીખની સરકારે જે સાહસોને બંધ કરવા અથવા તો પ્રાઈવેટાઈઝેશન કરવા સુધીની નિર્ણયો લીધા હતા તેને મોદી સરકારે ફેરવી તોળ્યા હતા. આજે ૧૨ વર્ષના મોદી શાસન પછી જાહેર સાહસોમાં જાહોજલાલી છે, સરકારને રૂપિયા ઉધાર આપી શકે તેવી હાલત છે. આજે જયારે આનંદીબેન પટેલ પાસે સત્તાના સુકાન છે ત્યારે ભાજપને કંજૂસ કહેનારા આગેવાનો બોર્ડ-કોર્પોરેશનમાં નિમણૂકો પામવા માટે ફરીથી સચિવાલયના મેદાનમાં કૂદી પડ્યા છે...

**ગુજરાતમાં મહિલારાજ નો પ્રારંભ થશે...**

ગુજરાત વિધાનસભાએ પાસ કરેલા ફરજીયાત મતદાન અને ૫૦ ટકા મહિલા અનામતના બિલને ગવર્નર ઓ. પી. કોહલીએ લીલીઝંડી આપી દીધી છે તેથી આગામી વર્ષે યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સરપંચ અને પ્રમુખપદે ૫૦ ટકા જેટલી મહિલાઓ શાસન કરતી હશે, અને એટલા જ પ્રમાણમાં પ્રત્યેક સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં અડધો અડધ મહિલા સભ્યોની ઉપસ્થિતિ રહેશે. મોદી સરકારે છેલ્લી ત્રણ ચૂંટણીમાં જ્ઞાતિકાર્ડની જગ્યાએ વુમન એન્ડ યંગ વોટર્સ કાર્ડ વાપરતાં તેમને ધારી સફળતા મળી હતી. મોદી આ કાર્ડમાં સફળ એટલા માટે થયા કે તેમણે મહિલાઓ અને યુવાનોને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી અને તેમના પ્રત્યેક ભાષણમાં તેઓ આ યુતિનો પ્રયોગ કરતા હતા.

કેન્દ્રની યુપીએ સરકારે પસાર કરેલા કાયદાને કોંગ્રેસ શાસિત રાજયોએ તો મંજૂરી આપી દીધી હતી પરંતુ ભાજપ શાસિત ગુજરાતમાં સરકારે અનામતની સાથે ફરજીયાત મતદાનનું બીલ ભેગું કર્યુ હતુ જેનો વિરોધપક્ષ કોંગ્રેસે જોરદાર વિરોધ કર્યો હતો પરિણામે રાજયપાલ ડૉ. કમલાએ આ બિલને પરત મોકલ્યું હતું અને જણાવ્યું હતું કે ફરજીયાત મતદાન અને ૫૦ ટકા અનામતનું બીલ અલગ કરીને રજૂ કરો, હું અનામતનું બીલ પાસ કરી આપીશ, જો કે એ સમયે મોદી સરકારે ફરીથી બન્ને બીલો સાથે રજૂ કર્યા હતા. હવે નવા રાજયપાલે મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માટે રસ્તો અત્યંત સરળ કરી આપ્યો છે...

**દિલ થામ કે બેઠીયે, મોસમ બદલ રહા હૈ...**

મોસમ બદલાઈ રહી છે. ચાહે નવી દિલ્હી હોય કે ગાંધીનગર.. નવા-જૂનીના અણસાર દેખાય છે અને તેના સંકેત ધીમે ધીમે મળી રહ્યાં છે. હવામાન તો ચોક્કસ બદલાયું છે સાથે સાથે અચ્છે દિન, બુરે દિન રેલવે પાટાની જેમ દોડે છે. આ વાક્યનો બીજો અર્થ કભી ખુશી કભી ગમ એવો પણ થાય છે. કોઈને નોકરી મળવાનો આનંદ છે તો કોઈને નોકરી છૂટવાનો ગમ પણ છે. સરકારમાં એક કંપનીને પ્રોજેક્ટ મળે છે બીજી કંપની રિજેક્ટ થાય છે. આવું તો ચાલ્યા કરશે. ભૂતકાળમાં પણ હતું અને આજે પણ છે. સરકાર બદલાય એટલે બિઝનેસ કરનારા વર્ગને ફાયદો કે નુકશાન થવાનું જ છે. કોઈ માનિતાને લાભ મળે છે અને અણમાનિતાને લાત પડે છે...

ગુજરાત સરકારમાં હેડ બદલાયા પછી હજી તો ૯૦ દિવસની સફરમાં સબ સલામત હોવાની આલબેલ છે પરંતુ ૧૦૦ દિવસ પછી બદલાવ આવી શકે છે. ઉજવણી ચાહે મહિનાની હોય, છ મહિનાની હોય કે આખા વર્ષની હોય, સરકારની નિયતીને સમજતાં વાર લાગે છે. સરકારનું હંમેશા એક જ નિશાન હોય છે અને તે વોટબેન્ક છે. જો વોટબેન્ક મજબૂત હશે તો એક જ સરકાર વર્ષો સુધી રાજ કરી શકશે તેવું મોદીએ સિદ્ધ કરી દીધું છે અને એટલે જ તેમણે પહેલા જ્ઞાતિઓ પછી મોટા સમૂહોને સાથે લઈને ભાજપ -ત્યે આકર્ષણ પેદા કર્યુ છે. આ સમૂહો એટલે મધ્યમવર્ગ, મહિલાઓ અને યુવાનો...આ ત્રણેય પરિબળોએ મોદીને દેશના વડા-ધાન બનાવી દીધા છે. ગુજરાતમાં પણ મોસમ બદલાઈ રહી છે...

**આખું ગુજરાત વાઇ-ફાઇ ક્યારે થશે...**

બેંગ્લોર સિટી વાઈ-ફાઈ બની ચૂક્યું છે. આ શહેરના તમામ જાહેર સ્થળોએ સરકારે ઈન્ટરનેટ ફ્રી કરી દીધું છે. લોકો ઘરની બહાર નિકળીને મફતમાં ઈન્ટરનેટનો યુઝ કરી શકે છે. આ સુવિધા માત્ર છ મહિનાના ટૂંકાગાળામાં કરી દેવામાં આવી છે. બેંગ્લોર પછી દિલ્હીએ શરૂઆત કરી છે હવે મુંબઈ પણ આ જ રસ્તે આગળ છે. આપણાં અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટ સિટી માટે આવી કોઈ જાહેરાત થતી નથી. શું આપણે આટલા બધાં પછાત છીએ કે મેટ્રોસિટી અમદાવાદમાં જાહેર સ્થળો વાઈફાઈ કનેક્ટ ન થઈ શકે...

નવી દિલ્હીની યુપીએ સરકાર જયારે યુવાનોને સસ્તાદરના ટેબલેટ આકાશ નું વિતરણ કરતી હતી ત્યારે ગુજરાત સરકારે ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં લોકોને વાયદો કર્યો હતો કે ગુજરાત આખું વાઈ-ફાઈ કરી દેવામાં આવશે. આ વચન આપ્યા પછી આજે બીજું વર્ષ ચાલે છે છતાં કોઈ અણસાર જોવા મળતો નથી. રાજયના શહેરોમાં મોલ જેવા જાહેર સ્થળોએ જયાં વાઈ-ફાઈ કનેક્ટિવીટી છે તે પેઈડ છે.

**અમદાવાદ પછી સુરત, વડોદરા, રાજકોટ...**

ગુજરાતના ચાર મહત્વના શહેરોને મેટ્રોસિટી સાથે કનેક્ટ કરવામાં ભાજપની સરકાર આગળ વધી રહી છે. પ્રથમ તો હેવી ટ્રાફિકથી ધમધમતા અમદાવાદને મેટ્રોરેલ આપવા માટે ગુજરાત સરકારે મોદી સરકાર પાસે આર્થિક સહાય તો માગી છે પરંતુ તેની સાથે સાથે જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી પાસેથી ૫૯૬૮ કરોડ લોનની અપેક્ષા પણ રાખી છે.

રાજય સરકારે મેટ્રોરેલની જાહેરાત પછી અત્યાર સુધીમાં અમદાવાદના પ્રોજેક્ટ પાછળ ૫૮૭ કરોડનો ખર્ચ કરી નાંખ્યો છે. સચિવાલયના સૂત્રો જણાવે છે કે મેટ્રો રેલનું બાંધકામ આ વર્ષના સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં શરૂ થશે અને પ્રોજેક્ટનો પહેલો તબક્કો ૨૦૧૮ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો છે. પહેલા તબક્કામાં ૧૦,૬૦૦ કરોડના ખર્ચનું આયોજન છે જયારે સંપૂર્ણ પ્રોજેક્ટ પાછળ ૨૨,૦૦૦ કરોડના ખર્ચનો અંદાજ રાખવામાં આવ્યો છે. રાજય સરકાર સિરીયસલી એવું વિચારી રહી છે કે અમદાવાદનો પ્રોજેક્ટ શરૂ થયા પછી સુરત, વડોદરા અને રાજકોટને મેટ્રો પ્રોજેક્ટમાં સાંકળી લેવામાં આવશે. આ પ્રોજેક્ટો માટે ખુદ મુખ્ય-ધાને તેમના ઓફિસરોને સર્વેક્ષણ શરૂ કરવાના આદેશ આપ્યા છે...

**ડિઝનીલેન્ડ, સુવાલી નહી તો અમદાવાદ...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સાયન્સ સિટી હોત તો આજે ગાંધીનગરની જનતાને મીની ડિઝનીલેન્ડનો લાભ મળી શક્યો હોત, પરંતુ હવે તે લાભ અમદાવાદને ફાળે ગયો છે, કારણ કે સાયન્સ સિટીની પાસે અમદાવાદમાં મીની ડિઝનીલેન્ડ આકાર પામી રહ્યું છે. મેડિસિટી તરીકે પ્રખ્યાત અમદાવાદ ગુજરાતનું એન્ટરટેઈનમેન્ટ સિટી કહેવાશે. ગુજરાત પ્રવાસન નિગમે ડિઝનીલેન્ડ ઉભું કરવા માટે મંજૂરી આપી દીધી છે. મુંબઈ બેઈઝ એડલેબ્સ અને વિઠ્ઠલ કામઠ પ્રમોટેડ ઓરચાઈલ્ડ ગ્રુપ ૧૦૦૦ કરોડનું મૂડીરોકાણ આ પાર્કમાં કરવા માગે છે.

આ પાર્કને ડિઝનીલેન્ડ જેવું બનાવવાનું છે. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં આ ગ્રુપ રાજય સરકારના -વાસન વિભાગ અને નિગમ સાથે મૂડીરોકાણના સમજૂતી કરાર કરવા જઈ રહ્યું છે. આ થીમ પાર્ક માટે સાયન્સ સિટી પાસે ૫૦ એકર જગ્યા નિયત કરવામાં આવી છે. આ જમીન હાલ ખાલી છે અને સાયન્સ એન્ડ ટેકનોલોજીની અંડરમાં આવે છે. એડલેબ્સ તરફથી ૨૦૧૧માં પૂનામાં મેઝીક થીમપાર્ક બનાવવામાં આવ્યો છે. રાજય સરકારે ૯૫૦૦ કરોડના મૂડીરોકાણનો થીમ પાર્ક સુરત પાસેના સુવાલીમાં નક્કી કર્યો હતો પરંતુ કેટલાક ઈસ્યુના કારણે આ પ્રોજેક્ટને બંધ કરી દેવામાં આવ્યો છે.

**અચ્છે દિન કોગ્રેસ મે ભી આ સકતે હૈ...**

ગુજરાત વિધાનસભા અને લોકસભાની મુખ્ય ચૂંટણીઓ ઉપરાંત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભારે પછડાટ પછી કોંગ્રેસ પાર્ટી સર્વાઈવલ થઈ શકતી નથી, જેનું મુખ્ય કારણ તેની જૂની પુરાણી નિતીઓ છે. હવે જમાનો બદલાયો છે. ભારતમાં હિન્દુ અને મુસ્લિમ જેવા ભાગલા શક્ય નથી. મુસ્લિમો પણ ભાજપ તરફી આકર્ષાયા છે તે જોઈને કોંગ્રેસે તેનું વલણ બદલવું પડશે. ગુજરાતમાં જો કોંગ્રેસ તેના માટે અચ્છે દિનના સ્વપ્ના જોતી હોય તો તેણે ઉમેદવારોની પસંદગીમાં પરિવર્તન કરવું પડે તેમ છે. યુવા કોંગ્રેસની બ્રિગેડ એવું કહે છે કે મોદીની સામે લડવું હોય તો કોંગ્રેસ પાર્ટીનું સંપૂર્ણ ડિઝીટલાઈઝેશન થવું જોઈએ.

છેલ્લે ૧૯૮૫માં ચૂંટણીમાં કોંગ્રેસનો ગુજરાતમાં દબદબો હતો, ત્યારબાદ ૧૯૯૦માં કોંગ્રેસ અને જનતાદળની ગઠબંધનની સરકાર સત્તામાં આવી હતી. આ ગઠબંધન અઢી વર્ષના સમયગાળા સુધી રહ્યું અને ૧૯૯૫ પછી સતત ૧૯ વર્ષથી કોંગ્રેસે ગુજરાતના મતદારોનો વિશ્વાસ ખોયો છે. આ વિશ્વાસને પાછો લાવવો હોય તો મોદી જેવી સ્ટેટેજી અપનાવવી પડે, કોંગ્રેસે ખખડધજ નેતાઓ કે જેઓ ચૂંટણી આવતા દાવેદારો બની જાય છે તેમને એવોઈડ કરીને નવયુવાનો ખાસ કરીને યુવા મહિલાઓને ચૂંટણી લડાવવી પડશે. સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં આવતી નવ વિધાનસભા અને એક લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સામે ફરી મોટો પડકાર આવીને ઉભો છે, જે તેને ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પણ નડી શકે છે...

**ટારગેટ ગવર્નર, ૧૯૬૭ થી ૨૦૧૪ ની સફર...**


ભારતમાં સરકાર બદલાય એટલે ગવર્નરને ડિસમીસ કરવાની એક ફેશન થઈ પડી છે. ૧૯૬૭ના વર્ષમાં પશ્ચિમ બંગાળના ગવર્નર ધર્મા વિરાને હટાવી દેવામાં આવ્યા હતા. ૧૯૭૭માં જનતા સરકારે ૧૫ રાજયપાલને એકસાથે હટાવી દીધા હતા. ૧૯૮૦માં તામિલનાડુના ગવર્નર પ્રભુદાસ પટવારીને હાંકી કઢાયા હતા. કોઈપણ રાજયમાં ગવર્નરનું પદ અતિ મહત્વનું માનવામાં આવે છે અને પાર્ટીથી ઉપર અને બંધારણીય હોય છે છતાં ગવર્નર હાઉસમાં રાજકીય ખટપટો થતી હોય તો નવી સરકાર આવું પગલું ભરતી હોય છે. ભારતના રાજકીય ઈતિહાસમાં રાજસ્થાનના ગવર્નર રઘુકુલ તિલકને પદ પરથી દૂર કર્યા હતા. આંધ્રપ્રદેશમાં ૧૯૮૪માં આવી ઘટના બની હતી.

૧૯૮૮ અને ૧૯૮૯માં ગવર્નરના પદ માટે કેટલાક નિયમો બન્યા હતા, જેમાં ભારતની સર્વોચ્ચ અદાલતનો પણ એક ચૂકાદો સામેલ છે. ૧૯૯૮માં ભાજપની સરકારે ગુજરાતના વિવાદાસ્પદ ગવર્નર ક્રિંપાલ સિંહને હટાવી દીધા હતા અને ભાજપે તે સમયે એવો આરોપ મૂક્યો હતો કે ગવર્નર હાઉસ કોંગ્રેસ કાર્યાલય બની ચૂક્યું છે. ૨૦૦૧માં એનડીએ શાસને તામિલનાડુના ગવર્નર એમ. ફાતીમાને દૂર કર્યા હતા તો ૨૦૦૪માં ગોવાના કીદારનાથ સહાની, ગુજરાતના કૈલાસપતિ મિશ્રા, હરિયાણાના બાબુ પરમાનંદ, યુપીના વિંકાન્ત શાસ્ત્રીને દૂર કર્યા હતા જેમની એપોઈન્ટમેન્ટ એનડીએ શાસને કરી હતી. ૨૦૧૪માં મોદી સરકારે ગુજરાતના કમલા બેનિવાલ, પોંડિચેરીના વિરેન્દ્ર કટારીયા, મિઝોરમના પુરુષોત્તમન અને મહારાષ્ટ્રા શંકરનારાયણન ને દૂર કર્યા છે, જયારે પાંચ રાજયોના ગવર્નરે નારાજગી દર્શાવીને હોદ્દા પરથી રાજીનામા આપી દીધા છે....

**ચીફ મિનિસ્ટરની વધુ નજીક કોણ...?!!**

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની નજીક કોણ છે. કોણ તેમના માનિતા ઓફિસરો છે તે કળવું મુશ્કેલ છે. કોઈ કહે છે કૈલાસનાથન, તો કોઈ કહે છે જી.સી. મુર્મુ તો કોઈ કહે છે હસમુખ અઢીયા.. પણ સચિવાલયના સૂત્રો કંઈ જુદું જ કહે છે. એક ઓફિસરે કહ્યું હતું કે અત્યારે તેઓ બધાં ઓફિસરોનું કહ્યું માનતા હતા હવે તેમનું કહ્યું ઓફિસરોએ માનવું પડે છે. આ નોબત આવી છે ત્યારે નજીક આવનારા ઓફિસરોએ અંતર બનાવવાનું શરૂ કરી દીધું છે, કારણ કે વર્તનની સીધી ફરિયાદ દિલ્હી થાય છે. જો નજીકના ઓફિસરોનું ચાલ્યું હોત તો અત્યારે ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરફારો ક્યારના ય થઈ ચૂક્યા હોત..!!

## શબ્દાવલી - ૫૪૮૫




### આડી ચાવી

૧. પોતાની ઉપર વીતેલી (૪)
૨. એક ધાન, કાચા ઘઉં (૨)
૪. ઉષ્ણતામાન (૪)
૬. યોગ્ય હોવું, ... હોવી (૪)
૯. ... કરવું, દાખવું (૩)
૧૦. કામ ધંધાથી પરવાર્યાનો સમય, ... ની પળ (૪)
૧૫. પ્રકાશ (૨)
૧૬. રાહ, કેડી (૨)
૧૭. સમગ્ર (૩)
૧૮. વીરતા, બહાદુરી (૫)
૧૯. શરીર, કાયા (૨)

### ઊભી ચાવી

૧. રોમાંચક, ખુદ સુંદર (૫)
૨. ઉધાર... બંને બેલેન્સમાં કરવા પડે (૨)
૩. વગડો, રાન (૨)
૫. બીજાને વશ થયેલું (૪)
૭. જમ, મૃત્યુનો દેવ (૨)
૮. જંગલ (૩)
૧૦. અંધાધુધી (૫)
૧૧. ગાડુ (૩)
૧૩. વાતનું.... કરવું, વાત વધારવી (૪)
૧૪. ભૂલ, વાંક (૩)

### શબ્દાવલી ૫૪૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) વસ્ત્રાલંકાર (૪) હા (૫) કેક (૬) યાદી (૮) મહેશ (૧૦) કારાવાસ (૧૨) વાંચનાલય (૧૩) સંતલસ (૧૫) ગળી (૧૮) દામન (૨૦) આચરણ (૨૧) યમ (૨૨) બજર

**ઊભી ચાવી :-** (૧) વહેમ (૨) લંકેશ (૩) કાક (૬) યારાના (૭) દીવાલ (૯) હેરત (૧૦) કાચ (૧૧) સય (૧૨) વાંસળી (૧૩) સંપ્રદાય (૧૪) લગન (૧૬) ખેચર (૧૭) તણખો (૧૯) મમ (૨૦) આજ